# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 23-10-2025 Day: Thursday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## બિહાર વિધાનસભા ચૂંટણીના બીજી તબક્કામાં ઉમેદવારી પત્રો પાછો ખેંચવાનો અંતિમ દિવસ

બિહાર વિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કામાં, આજે ૧૨૨ મતવિસ્તારો માટે ઉમેદવારીપત્રો પાછા ખેંચવાનો અંતિમ દિવસ છે. ૨૦ જિલ્લાઓમાં ફેલાયેલા ૧૨૨ વિધાનસભા મતવિસ્તારોમાં ૧૧ નવેમ્બરે મતદાન યોજાશે.

**---------------------------------------------------------------------------------------**

## નવીનીકરણીય ઉર્જા ક્ષમતામાં વૃદ્ધિ

દેશની નવીનીકરણીય ઉર્જા ક્ષમતામાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે. તે 2014માં 35 ગીગાવોટથી પાંચ ગણી વધીને 197 ગીગાવોટથી વધુ થઈ છે. આમાં મોટા જળવિદ્યુત મથકોમાંથી ઉત્પન્ન થતી વીજળીનો સમાવેશ થાય છે.

નવી અને નવીનીકરણીય ઉર્જા મંત્રાલયે જણાવ્યું હતું કે સરકારે 2030 સુધીમાં 500 ગીગાવોટ બિન-અશ્મિભૂત ઉર્જાનો મહત્વાકાંક્ષી લક્ષ્યાંક છે. ભારતનો નવીનીકરણીય ઉર્જા વિકાસ દર વિશ્વમાં સૌથી ઝડપી છે.

કેન્દ્રીય નવીનીકરણીય ઉર્જા અમલીકરણ એજન્સીઓએ 5.6 ગીગાવોટ જ્યારે રાજ્ય એજન્સીઓએ આ વર્ષે 3.5 મેગાવોટ વીજળી ખરીદવા માટે ટેન્ડર મંગાવ્યા છે. વાણિજ્યિક અને ઔદ્યોગિક ગ્રાહકો આ વર્ષે આશરે 6 ગીગાવોટ નવીનીકરણીય ઉર્જા ક્ષમતા ઉમેરે તેવી શક્યતા છે.

---

## પ્રજ્ઞાજ્ઞક્ષુઓને ન્યાયિક સેવાઓમાં રોજગારીની તક

સર્વોચ્ચ અદાલતે પ્રજ્ઞાચક્ષુઓને ન્યાયિક સેવાઓમાં રોજગારની તકો પૂરી પાડવાના પોતાના આદેશનો અમલ કરવા ચાર મહિનાનો સમય આપ્યો. જેમાં કહેવામાં આવ્યું હતું કે પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓને ન્યાયિક સેવાઓમાં રોજગાર આપવાની તકને નકારી શકશે નહીં.

ન્યાયમૂર્તિ જેબી પારડીવાલા અને કે.વી. વિશ્વનાથનની બેન્ચે મધ્યપ્રદેશ વડી અદાલત તરફથી હાજર રહેલા વકીલની રજૂઆતની નોંધ લીધી, રાજ્ય સરકાર સાથે પરામર્શ કરીને નિયમોને અંતિમ સ્વરૂપ આપવાની પ્રક્રિયામાં છે તથા ચુકાદાનું પાલન કરવાની જાણ માટે ચાર મહિનાનો સમય આપ્યો છે.

---

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નવા વર્ષની શરૂઆતે દેવમંદિર પજા-અર્ચન કર્યા

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે નવા વર્ષની શરૂઆત ગાંધીનગરના પંચદેવ મંદિર થી કરી. પંચદેવ મંદિરમાં ભગવાનને પૂજા અર્ચના અને આરતી કરી. મુખ્યમંત્રીએ રાજભવનમાં રાજયપાલ આચાર્ય દેવવ્રતની મુલાકાત લઇને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના સૌ નાગરિકોને વિક્રમ સંવત ૨૦૮૨ના પ્રારંભે નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવી હતી.

મુખ્યમંત્રીએ નૂતનવર્ષના પ્રારંભે અમદાવાદના ભદ્રકાળી માતાજીનાં દર્શન-પૂજન કરી, રાજ્યના નાગરિકોનાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી.

ત્યાર બાદ મુખ્યમંત્રીશ્રીએ એનેક્ષી સરકીટ હાઉસ, શાહીબાગ ખાતે શહેરના શ્રેષ્ઠીઓ અને સામાન્ય નગરજનોને મળીને નવા વર્ષની શુભેચ્છાઓનું આદાન-પ્રદાન કર્યું હતું.

આ અવસરે ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા, સહીત સ્થાનિક ધારાસભ્યો, આગેવાનો અને નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

---

## વિવિધ તીર્થસ્થાનોમાં ભક્તોનો ધસારો

દેવભૂમિ દ્વારકામાં નવા વર્ષે દર્શન કરવા માટે ભક્તોની અવિરત ભીડ ઉમટી હતી. નવા વર્ષનો આરંભ ભગવાન શ્રીકૃષ્ણના આશીર્વાદથી કરવાની સદીઓ જૂની પરંપરા અનુસાર દેશ-વિદેશમાંથી ભક્તો દ્વારકા ધામે આવી પહોંચ્યા હતા. સવારથી જ દ્વારકાધીશના જગત મંદિરે ભાવિકોની ભીડ જોવા મળી હતી.

નવા વર્ષના દિવસે અંબાજી મંદિર ટ્રસ્ટને સોનાનું દાન મળ્યું. એક ભક્ત દ્વારા અંદાજે 13 લાખ રૂપિયાની કિંમતનું 100 ગ્રામ સોનાનું દાન કરાયું હતું.

સોમનાથ મહાદેવને શાંતિના પ્રદાતા અને કલ્યાણના દેવતા તરીકે ઓળખવામાં આવે છે. આ શુભ દિને ભક્તોએ વ્યક્તિગત સુખ-સમૃદ્ધિની સાથે સાથે સમગ્ર વિશ્વના કલ્યાણ અને સુખની પ્રાર્થના કરી હતી. વર્ષના પ્રથમ શૃંગાર અને પ્રાતઃ આરતીના દિવ્ય દર્શન કરીને શ્રદ્ધાળુઓએ આવનારું વર્ષ શાંતિ, પ્રગતિ, સુખાકારી અને નિરામય આયુષ્ય લઈને આવે તેવી કામના કરી હતી.

આ ઉપરાંત સાળંગપુર હનુમાન મંદિર, શામળાજી મંદિર, પાવાગઢ, ડાકોર, ખેડબ્રહ્મા, બહુચરાજી, વગેરે તીર્થસ્થાનોએ પણ નવા વર્ષ નિમિત્તે શ્રદ્ધાળુઓએ ભગવાનના દર્શન કર્યા હતા. કચ્છના પ્રસિદ્ધ યાત્રાધામ માતાના મઢ, નારાયણ સરોવર, કોટેશ્વર સહિત તીર્થસ્થાનોમાં ભક્તોની ભીડ જોવા મળી હતી. ભૂજના સ્વામિનારાયણ મંદિર, આશાપુરા મંદિર સહિતના મંદિરોમાં અન્નકૂટનું આયોજન કરાયું હતું. **જેના દર્શન માટે ભક્તોનો ધસારો જોવા મળ્યો હતો.**

---

## મહિલા વિશ્વકપની મેચ

મહિલા વિશ્વ કપની મેચમાં આજે નવી મુંબઈના ડી.એલ.પાટીલ સ્ટેડિયમ પર ભારતીય ટીમનો મુકાબલો ન્યુઝીલેન્ડ સામે થશે. ભારતીય ટીમની ત્રણ મેચમાં હાર પછી સેમી ફાઇનલમાં પહોંચવા માટે આજે ન્યૂઝીલેન્ડ સામે મેચ મહત્વની મનાય છે. બીજીતરફ

ઑસ્ટ્રેલિયાના પ્રવાસે ગયેલ ભારતીય ટીમ આજે એડિલેડમાં બીજી વનડે મેચ રમશે. પર્થ ખાતેની વરસાદથી બાધિત મેચમાં ભારતીય ટીમનો પરાજય થતા ત્રણ વન ડે શ્રેણીમાં ટકી રહેવા આજે મેચ જીતવી મહત્વની મનાય છે. મેચ ભારતીય સમય મુજબ સવારે નવ વાગ્યે શરૂ થશે.

-----------------------------------------------------------------------------------

## <u>રાજ્યમાં હાલ બેવડી ઋતુ</u>

રાજ્ય હાલ 'બેવડી ઋતુ' નો અનુભવ થઇ રહ્યો છે, જ્યાં દિવસે ગરમી અને રાત્રે ઠંડીનો અહેસાસ થાય છે. આ શિયાળાની શરૂઆત પહેલાં, બંગાળની ખાડી અને અરબી સમુદ્રમાં બે સક્રિય હવામાન પ્રણાલીઓ (**Systems**) ને કારણે રાજ્યના વાતાવરણમાં મોટો ફેરફાર આવી શકે છે. હવામાન વિભાગે દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના કેટલાક ભાગોમાં સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. આ સિસ્ટમ 4 નવેમ્બર સુધી સક્રિય રહેવાની સંભાવના છે.

-----------------------------------------------------------------------------------